કરવેરા અને આયોજન

## શું આપનો જીવન વીમો એવી પુરતી રકમનો છે કે જેમાં આપની ગેરહાજરી થયે તમારા કુટુંબનો જીવન નિર્વાહ સરળતાથી થઇ શકે ?

આપણે જીવન વીમા સાથે રોકાણની પરંપરાગત યોજનાથી માહિતગાર છીએ. સામાન્ય રીતે આ પ્રકારની યોજનાઓમાં અમુક ચોક્કસ મુદત સુધી પ્રીમીયમ ભરવાનું થતું હોય છે. અમે પાકતી મુદતે પ્રીમીયમની ભરાયેલ રકમ વળતર સાથે વિમાધારકને અથવા તેની ગેરહાજરીમાં તેના વારસદારને ચૂકવવામાં આવે છે.

સામાન્ય રીતે આ પ્રકારની પરંપરાગત યોજનામાં વીમાની રકમ (જીળ ઈક્ષતીયિમ) અમુક રકમથી મર્યાદિત હોય છે. જેમાં વિમાધારક જેટલું પ્રિમીયમ ભરવાની ક્ષમતા હોય તે પ્રમાણે તેને વિમો મળતો હોય છે. ઉપરોક્ત સંજોગોમાં એવું થાય છે. વિમાધારકને તેની વિમાની જરૂરીયાત (......) મુજબ વીમાની રકમ મળતી નથી. તદ્ઉપરાંત એવું થતું હોય છે કે વિમો લેનાર વ્યક્તિ અન્ય નાણાંકિય જવાબદારી જેવી કે લોન, સામાજીક જવાબદારી નિભાવતો હોય તો તેને જેટલી રકમનો વિમો લેવો હોય તેટલી રકમનો વિમો મળી શકતો નથી.

ઉપરોક્ત પરિસ્થિતિના નિવારણ હેતુસર ઘણી બધી કંપનીઓ ''ટર્મ પ્લાન'' ઓફર કરતી હોય છે. આ પ્રકારના વિમામાં વાહન કે પ્રોપર્ટીના વિમાની જેમ દર વર્ષે પ્રીમીયમ ભરવાથી ચોક્કસ રકમનો વીમો મળતો હોય છે અને વીમા ધારક સાથે કોઇ આકસ્મીક બનાવના કિસ્સામાં વિમાધારકના વારસદારને વળતર મળતું હોય છે. જેથી વિમાધારકના વારસદારો વિમાધારકની ગેરહાજરીમાં પણ કુટુંબનું જીવનનિર્વાહ સરળતાથી ચલાવી શકે છે.

ટર્મ પ્લાનના વિમાની મુખ્ય ખાસિયત એ છે કે ઓછી રકમના પ્રિમીયમથી વિમાધારક મોટી રકમનો વીમો લઇ શકે છે. જેથી જે લોકો ઓછું પ્રિમીયમ ભરવાની ક્ષમતા ધરાવતા હોય તે પણ આનો લાભ લઇ શકે છે.

ઉપરોક્ત મહત્ત્વની લાક્ષણિકતાઓને ધ્યાનમાં રાખીને એચડીએફસી લાઇફ ઇન્શ્યોરન્સ કંપની દ્વારા તાજેતરમાં જ ''ટર્મ પ્લાન'' રજૂ કરવામાં આવે છે. જેની મહત્ત્વની બાબતો આ અંકમાન રજૂ કરવામાં આવેલ છે.

(૧) આ ટર્મ પ્લાનની મહત્ત્વની લાક્ષણિકતાઓ:

- વ્યાજબી પ્રિમિયમમાં વ્યાપક કવરેજ
- તમને અને તમારા કુટુંબને નાણાકિય સુરક્ષા કવચ
- તમારી જરૂરીયાત અને પસંદગી અનુસાર કવરેજ
- લાઇફ ઓપ્શન : આ વિકલ્પમાં લંબસમ રકમ મૃત્યુ સમયે વિમાધારકને ચૂકવવામાં આવે છે.
- એકસ્ટ્રા લાઇફ ઓપ્શન : આ વિકલ્પમાં વિમાધારકના આકસ્મીક મૃત્યુ સમયે વધારાની રકમ ચૂકવવામાં આવે છે.
- ઇન્કમ ઓપ્શન : આ વિકલ્પમાં વિમાની રકમનો અમુક ભાગ મૃત્યુ સમયે અને બાકીની રકમ માસિક આવક તરીકે પંદર વર્ષ સુધી તેના વારસદારોને ચૂકવવામાં આવે છે.
- ઇન્કમ પ્લસ ઓપ્શન : આ વિકલ્પમાં વિમાધારકને તેના મૃત્યુ સમયે વિમાની રકમ ચૂકવવામાં આવે છે. તદ્ઉપરાંત વિમાધારકના વારસદારોને માસિક આવક તરીકે ૧૦ વર્શ સુધી ચૂકવવામાં આવે છે. આ માસિક આવક રકમ વીમાની રના ૦.૫ % બરાબર દર મહિને ચૂકવવામાં આવેછે. જેમાં એવી પણ સુવિધા આપવામાં આવી છે કે આ પ્રકારની ચૂકવાની માસિક આવક દર વર્ષે ૧૦ % લેખે વધારવામાં આવશે.

- આટલું પૂરતું નથી તદ્ઉપરાંત આ ટર્મ પ્લાનમાં એવી સુવિધા આપવામાં આવે છે. જીવનના અમુક તબક્કે તમારી વિમાની રકમનો વધારો કરવો હોય તો મેડીકલ ટેસ્ટ કર્યા વગર તમારી વિમાની રકમમાં વધારો કરી શકાય છે.

- ૭૫ વર્ષ સુધી વિમાનું કવરેજ મેળવી શકાય છે.

- વિમાની પ્રિમીયમ ભરવા માટે સીંગલ, મર્યાદિત અને રેગ્યુલર પેમેન્ટ માટેના તમારા પસંદગી અનુસાર વિકલ્પો ઉપલબ્ધ છે.

- તમાકુનું સેવન કરતાં વ્યક્તિ માટે આકર્ષક પ્રીમીયમના દર

- પ્રવર્તમાન ટેક્સના કાયદા મુજબ ટેક્સમાં ફાયદો ઉપલબ્ધ છે.

(૨) વિમાનું પ્રિમીયમ ભરવા માટેના ક્યાં વિકલ્પ ઉપલબ્ધ છે ?

આ પ્રકારના ટર્મપ્લાનમાં સીંગલ, વાર્ષિક, અર્ધવાર્ષિક, ત્રીમાસિક અને માસિક પ્રિમીયમ ભરવાના આ ટર્મ પ્લાનમાં ઉપલબ્ધ છે.

(૩) કેટલી રકમનું કવરેજ મળી શકે છે ?

કેટલી રકમનું કવરેજ (વીમાની રકમ) મળશે તે તમારી ઉંમર, આવક અને તમારા ધંધા, વ્યવસાય કે નોકરીના પ્રકારના આધારે નક્કી કરવામાન આવે છે. જે નીચે મુજબ છે.

(અ) ઓછામાં ઓછી વિમાની રકમ : રૂા. ૨૫,૦૦,૦૦૦

(બ) વધારેમાં વધારે વિમાની રકમ માટે કોઇ મર્યાદા રાખવામાં આવી નથી. જો અંડર રાઇટીંગ સમયે બધી જ શરતો સંતોષકારક રીતે પૂર્ણ થતી હોય તો.

(૪) પ્રિમીયમ ભરવા માટેની મર્યાદા

(અ) ઓછામાં ઓછું વાર્ષિક પ્રીમીયમ રૂા. ૩૦૦૦

(બ) વધારેમાં વધારે પ્રીમીયમની કોઇ મર્યાદા રાખવામાં આવેલ નથી. જો અંડર રાઇટીંગ સમયે બધી જ શરતો પૂર્ણ સંતોષકારક હો.

(૫) ટર્મ પ્લાનના ફાયદાઓ :

(અ) મૃત્ય સમયે મળતો લાભ : વિમાધારક સાથે વીમાની અવધિ દરમ્યાન કોઇ આકસ્મિક ઘટના બને તો તેના વારસદારને નીચે મુજબની રકમ ચૂકવવામાં આવે છે.

| | |
|---|---|
| સીંગલ પ્રીમીયમ પોલીસી | સીંગલ પ્રીમીયમ સિવાયની પોલીસી |
| સીંગલ પ્રીમીયમના ૧૨૫ % | વાર્ષિક આવકના ૧૦ ગણા |
| વીમાની રકમ | મૃત્યુના તારીખ સુધી ભરેલ બધા જ પ્રિમીયમના ૧૦૫% |
| બેમાંથી જે વધારે હોય તે | વીમાની રકમ |
| | ત્રણમાંથી જે રકમ વધારે હોય તે |

ઉપર દર્શાવ્યા મુજબના લાભોમાં :-

- લાઇફ ઓપ્શન હેઠળ મૃત્યુ સમયે લંબસમ રકમ ચૂકવવામાં આવે છે.

- એકસ્ટ્રા લાઇફ ઓપ્શન હેઠળ મૃત્યુ સમયે લંબસમ રકમ ઉપરાંત આકસ્મીક મૃત્યના કિસ્સામાં વિમાની રકમ બરાબર વધારાની રકમ ચૂકવવામાં આવે છે.

- ઇન્કમ ઓપ્શન હેઠળ નીચે મુજબ રકમ મૃત્યુ સમયે ચૂકવવામાં આવશે.

- મૃત્યુ સમયે ૧૦ % રકમ લંબસમ ચૂકવવામાં આવે છે.

- બાકીના ૧૦ % રકમ ૧૫ વર્ષ સુધી દર હનિ માસકિ આવક તરીકે પોલીસી ધારકના વારસદારોને ચૂકવવામાં આવે છે.

ઇન્કમ પ્લસ ઓપ્શન હેઠળ નીચે મુજબની રકમ ચૂકવવામાં આવે છે.

- ૧૦૦ % રકમ મૃત્યુ સમયે લંબસમ રકમ

તરીકે ચૂકવવામાં આવશે.

- વધારામાં વિમાની રકમના ૦.૫ % રકમ બરાબર માસિક આવક તરીકે ૧૦ વર્ષ સુધી ચૂકવવામાં આવે છે, તદ્ઉપરાંત જો પોલીસી ધારક દ્વારા એવો વિકલ્પ પસંદ કરવામાં આવેલ હોય તો આ માસિક ચૂકવાતી રકમમાં દર વર્ષે ૧૦ % નો વધારો થાય છે.

(૬) પાકતી મુદતે લાભ :

પોલીસી ટર્મ પૂરી થયા બાદ કોઇ પણ પ્રકારનો લાભ ઉપલબ્ધ નથી.

(૭) જો વિમાધારક દ્વારા પ્રિમીયમ ભરવામાન ન આવે તો :

પોલીસીનું નિયત તારીખ ઉપરાંત ૩૦ દિવસનો ગ્રેસ પીરીયડ આપવામાં આવે છે. આ ગ્રેસ પીરીયડ દરમિયાન જો પોલીસીનું પ્રીમયમ ભરવામાં આવે તો પોલીસી બંધ થઇ જાય છે અને ત્યારબાદ જો કંઇ આકસ્મીક ઘટના બને તો તેનો કોઇ પણ પ્રકારનો લાભ વીમા કંપની દ્વારા પોલીસી ધારકને આપવામાં આવતો નથી.

વાર્ષિક, અર્ધવાર્ષિક અને ત્રીમાસિક પ્રીમીયમમાં ૩૦ દિવસનો ગ્રેસ પીરીયડ અને માસિક પ્રીમીયમમાં ૧૫ દિવસનો ગ્રેસ પીરીયડ આપવામાં આવે છે.

એડીશનલ ટર્મ રાઇડર

ઉપર દર્શાવ્યા મુજબ સામાન્ય ''ટર્મ પ્લાન'' ઉપરાંત એચડીએફસી લાઇફ ઇન્શ્યોરન્સ કંપની દ્વારા ખાસ સવલત સાથેના પ્લાન પણ ઉપલબ્ધ છે. જેમાં સામાન્ય પ્લાન કરતા થોડું વધારે પ્રિમીયમ ભરી આ એડીશનલ રાઇડરનો લાભ લઇ શકાય છે જેની વિગતો નીચે મુજબ છે.

(૧) એચડીએફસી લાઇફ ઇન્કમ બેનીફીટ ઓન એકસીડેન્ટલ ડિસએબીલીટી રાઇડર

આ રાઇડર બેઝીક ટર્મ પ્લાનની સાથે નીચે મુજબની મર્યાદામાં લઇ શકાય છે.

| માપ દંડ | મર્યાદાઓ |
|---|---|
| પ્રવેશની વય | ૧૮ વર્ષ થી ૫૫ વર્ષ |
| પરિપકવતાની વય | ૬૫ વર્ષ સુધી |
| પોલીસીની મુદત | ૧૦ થી ૪૦ વર્ષ |
| પ્રિમીયમના પેમેન્ટની મુદત | બેઝ પ્લાનમાં પ્રીમીયમની જે મુદત રાખવામાં આવેલ તે મુજબ |
| ઓછામાં ઓછી વિમાની રકમ | રૂા. ૧,૦૦,૦૦૦ |
| વધારામાં વધારે વીમાની રકમ | વધારામાં વધારે વીમાની રકમ માટે કોઇ મર્યાદા રાખવામાં આવેલ નથી. જો અંડર રાઇટીંગ સમયે બધી જ શરતો સંતોષકારક હોય |

પ્રિમીયમ કેટલું ભરવાનું થશે ?

આ પ્લાનના પ્રિમીયમ કેટલું થશે તે જાણવા માટે અમારો સંપર્ક કરવા વિનંતી.

આ પ્લાનમાં શું લાભ મળશે :

એકસીડન્ટને કારણે ટોટલ પરમેનન્ટ ડિસએબીલીટીના કિસ્સામાં કંપની દ્વારા વીમાની રકમના ૧% બરાબર રકમ ૧૦ વર્ષ સુધી માસિક આવક તરીકે ચૂકવવામાં આવશે.

જો આ ૧૦ વર્ષના ગાળામાં પોલીસી હોલ્ડરનું અવસાન થાય તો તેવા સંજોગોમાં તેના નોમીમીને બાકીના સમયગાળા માટે નક્કી કરવામાં આવેલ રકમ માસિક આવક તરીકે મળી શકશે.

લાઇફ સ્ટેજ પ્રોટેકશન

આ પ્લાનમાં ભવિષ્યમાં તમારા નાણાંકિય સંજોગો બદલાય અથવા ભવિષ્યમાં તમારા કુટુંબમાં નવા સભ્યનો ઉમરો થાય તેવા સંજોગોમાં તમારી જવાબદારીમાં જે વધારો થયો હોય તે અનુસાર આ પ્લાન હેઠળ તમારી વિમાની રકમમાં વધારો કે ઘટાડો કરી શકાય છે.

(૧) વીમાની રકમમાં વધારો :

નીચે મુજબની ઘટનાઓમાં તમે તમારા વીમાની

રકમમાં મેડીકલ રીપોર્ટ વગર વધારો કરી શકાય છે.

| ઘટનાઓ | વધારાની વિમાની રકમ (વિમાની રકમની ટકાવારીમાં) | વધારેમાં વધારે વીમાની રકમ |
|---|---|---|
| લગ્ન સમયે | ૫૦ % | રૂા.૫૦,૦૦,૦૦૦ |
| પહેલા બાળકના જન્મ સમયે | ૨૫ % | રૂા.૨૫,૦૦,૦૦૦ |
| બીજા બાળકના જન્મ સમયે | ૨૫ % | રૂા.૨૫,૦૦,૦૦૦ |

(૨) વીમાની રકમમાં ઘટાડો

જીવનના વિવિધ તબક્કાઓ દરમિયાન તમારી આવકમાં વધારો અને તમારા બાળકો પગભર થાય તેવા સંજોગોમાં જો મારે વધારે રકમના વીમાની જરૂરિયાત ન હોય તો પોલીસીની મુદત દરમિયાન તમારા વીમાની રકમમાં ઘટાડો કરી શકાય છે.

કંપની દ્વારા ૪૫ વર્ષ બાદ તમારા વીમાની રકમમાં ઘટાડો કરી શકાય તેવી સુવિધા આપવામાં આવે છે. જેમાં પ્રીમીયમ પણ જેટલી તમારી વિમાની રકમ ઘટેલ હોય તેટલું ફરીથી ગણતરી કરી ભરવાનું રહેશે.

ક્રીટીકલ ઇલ્નેસ પ્લસ રાઇડર

બીમારી હંમેશાઅણધાર્યા સમયે જ આવતી હોય છે અને આ આવનાર બીમારી તમારી જીંદગી અને નાણાંકિય પરિસ્થિતીમાં પ્રતિકુળતા ઉભી કરે છે.

આવી પરિસ્થિતી ઉભી ન થાય તે માટે તમારે આજથી જ ભવિષ્યમાં આવનારી મુશ્કેલીઓ માટે નાણાંકિય સુરક્ષા કવચ તૈયાર કરવું જોઇએ.

ઉપરોક્ત પ્રતિકુળતાઓને દયાનમાં રાખીને એચડીએફસી લાઇફ ઇન્સ્યોરન્સ કંપની દ્વારા એચડીએફસી લાઇફ ક્રીટીકલ ઇલ્નેસ પ્લસ રાઇડર પ્લાન ઓફર કરવામાં જેની વિગત નીચે મુજબ છે.

(૧) આ રાઇડર બેઝીક ટર્મ પ્લાન સાથે આપવામાં આવે છે તે અંગેના માપદંડો નીચે મુજબ છે.

| માપદંડો | મર્યાદા |
|---|---|
| ઓછામાં ઓછી પ્રવેશ ઉપર | ૧૮ વર્ષ |
| વધુમાં વધુ પ્રવેશ ઉંમર | ૬૫ વર્ષ |
| પરિપકવતાની ઉંમર | ૭૫ વર્ષ સુધી |
| ઓછામાં ઓછી પોલીસીની મુદત | ૫ વર્ષ |
| વધુમાં વધુ પોલીસીને મુદત | ૪૦ વર્ષ બેઝીક ટર્મ પ્લાન પસંદ કરવામાં આવ્યો તેની મુદત બેમાંથી જે ઓછું હોય તે |

કેટલી રકમનું કવરેજ મળી શકે ?

ઓછામાં ઓછું રૂા. ૨૫,૦૦૦નું કવરેજ વધુમાં વધુ કંપનીના અપ્રુવ્ડ અન્ડરરાઇટીંગ બોર્ડને બધી જ શરતો સંતોષકારક રીતે પૂર્ણ થતી તો વધુમાં વધુ કવરેજ મળી શકે છે. વર્તમાનમાં તમે બેઝીક ટર્મપ્લાન જેટલી રકમનો લીધેલ તે રકમ બરાબર આ રાઇડરનું કવરેજ મળી શકે છે.

પ્રીમીયમ કેટલું ભરવાનું થશે ?

આ રાઇડરમાં કેટલું પ્રીમીયમ ભરવાનું થશે તે માટે કૃપ્યા કરીને તમારા નાણાંકીય સલાહકારનો સંપર્ક કરશો.

આ રાઇડરમાં શું લાભ મળશે :

આ રાઇડરમાં વીમાની રકમનો તો જ લાભ મળશે. જો વ્યક્તિ નિદાન થયા બાદ ૩૦ દિવસ સુધી જીવત રહે તો જ આ રાઇડર હેઠળ લાભ મળવાપાત્ર થશે.

ક્રિટિકલ ઇલ્નેસ રાઇડરમાં ૧૯ ગંભીર બીમારી નક્કી કરવામાં આવી છે. આ બીમારી હોય તો જ આ રાઇડર હેઠળ લાભ મળવાપાત્ર થશે.

ઉપરોક્ત ટર્મ પ્લાન, એડીશ્નલ રાઇડર અંગે વધારે માહિતી માટે કૃપા કરી અમોનો સંપર્ક કરવા વિનંતી.

આશુતોષ ઇન્વેસ્ટમેન્ટ એડવાઇઝરી

મો. નં. ૯૩૭૭૩ ૩૫૯૫૯, ૯૯૭૪૧ ૮૯૯૮૯, ૯૭૨૫૦ ૧૮૨૮૨, લેન્ડ લાઇન : ૦૨૮૧-૨૨૨૪૪૯૯, ૨૨૩૬૯૬૯




DISCLAIMER : This publication has been prepared by ASHUTOSH FINANCIAL SERVICES PVT. LTD. While reasonable care has been taken in its preparation, this publication does not purport to be a complete description of the securities, markets or developments referred to herein and ASHUTOSH FINANCIAL SERVICES PVT. LTD. does not warrant its accuracy or completeness. This publication is not an offer or solicitation of an offer to buy or sell any security or investments mentioned herein. Please read the offer documents carefully before investing.

**To**

Registered with Registrar of Newspapers for India Regi. No. GUJGUJ/2009/36607

Postal Regn. No. RAJKOT/600/2014-2016, office of posting RMS, Rajkot on 10th of every month Valid up to 31-12-2016

Printed by : Shri Rajen Umarshibhai Shah, Published by : Shri Daxesh Dinesh Kothari, Owned by : Shri Daxesh Dinesh Kothari and Printed at : Shrenik Printers, 134-Udhyog Nagar Colony, Opp. Krishna Steel, Lohanagar Main Road, Off. Gondal Road, Rajkot-360002. Gujarat- India and Published at : ASHUTOSH FINANCIAL SERVICES PVT. LTD., Sterling Apts., Near Jubilee Baug Chowk, Jawahar Road, Rajkot 360001. Gujarat-India. Editor : Shri Daxesh Dinesh Kothari.